# મૂર્તિ

સર્વ સાધનનું ફળ

જુલાઈ - ૨૦૨૫
વર્ષ : ૨૨ અંક : ૦૭
વાર્ષિક :₹૫૦/-




## તીર્થધામ શ્રી અબજીબાપાની છતેડી, બળદિયા (ભુજ-કચ્છ) આયોજિત

## અષાઢી ઉજવણી નિમિત્તે

અનાદિમુક્ત સ.ગુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી રચિત

# 'શ્રી અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત' ત્રિદિનાત્મક પારાયણ

વક્તાશ્રીઃ સદ્. શાસ્ત્રી શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી ગુરુ સદ્. શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી

## જ્ઞાન-ધ્યાન-ઉપાસના શિબિર

પ્રારંભઃ અષાઢ વદ-૯, તા. ૧૯-૦૭-૨૦૨૫, શનિવાર
પૂર્ણાહુતીઃ અષાઢ વદ-૧૧, તા. ૨૧-૦૭-૨૦૨૫, સોમવાર
તીર્થધામ છતેડી મુકામે ઉપરોક્ત સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે
તેનો સર્વે હેતવાળા મુક્તોએ લાભ લેવા વિનંતી.

## પારાયણ કાર્યક્રમ



**પ્રારંભ**
અષાઢ વદ-૧૨/૧૩, તા. ૨૨-૦૭-૨૦૨૫,
મંગળવાર, સવારે ૮:૩૦ કલાકે

**ઠાકરથાળી**
અષાઢ વદ-૧૪, તા. ૨૩-૦૭-૨૦૨૫,
બુધવાર, રાત્રે ૮:૩૦ કલાકે

**કથાનો સમય**
સવારે ૮:૩૦ થી ૧૧:૩૦,
સાંજે ૪:૦૦ થી ૬:૩૦

**પૂર્ણાહુતિ**
અષાઢ વદ-૩૦, તા. ૨૪-૦૭-૨૦૨૫,
ગુરૂવાર, સવારે ૧૧:૩૦ કલાકે



## પારાયણના મુખ્ય યજમાન

મૂ.નિ. મંજુલાબેન રામકૃષ્ણભાઈ સોમૈયા તથા મૂ.નિ. શ્રી રામકૃષ્ણભાઈ તુલસીદાસ સોમૈયા
હસ્તે શ્રી કુમારભાઈ રામકૃષ્ણભાઈ સોમૈયા, શ્રીમતી નીરૂબેન કુમારભાઈ સોમૈયા સહપરિવાર - મુંબઈ

## પારાયણના સહ યજમાન

મૂ.નિ. શ્રી રામાભાઈ ગોવિંદભાઈ પટેલ
હસ્તે શ્રી ભાઈલાલભાઈ રામાભાઈ પટેલ, શ્રીમતી શારદાબેન ભાઈલાલભાઈ પટેલ તથા
શ્રી કનુભાઈ રામાભાઈ પટેલ, મૂ.નિ. નિશાબેન કનુભાઈ પટેલ સહપરિવાર - ઝુંડાલ

# શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજીનું મંદિર

## Shri Abjibapani Chhatedi ane Hanumanjinu Mandir

મું. બળદિયા, તા. ભુજ - કચ્છ, ૩૭૦ ૪૨૭. Post : Baladia - Bhuj - Kutch, 370 427.
મો. : ૯૦૯૯૦૪૯૨૮૨-૯૦૯૯૦૪૯૨૮૪ Mo. : 9099049282-9099049284




પરમકૃપાળુ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ સવંત ૧૮૩૭માં પ્રગટ થયા અને સવંત ૧૮૮૬માં અંતરધ્યાન થયા. આ સમયમાં પોતાના લાડીલા નંદ સંતો અને મુક્તોની સાથે રહી આ પૃથ્વી ઉપર દિવ્ય વિચરણ કર્યું, જ્યાં ઘણા બધા તીર્થસ્થાન અને સ્મૃતિ સ્થાનના નિર્માણ થયા છે, જે આપણા સૌ માટે દર્શનીય રહ્યા છે.

શ્રીજીમહારાજ સવંત ૧૮૮૬માં સ્વધામ પધાર્યા અને ૧૫ વર્ષ બાદ સવંત ૧૯૦૧માં અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા તેમના સંકલ્પથી આ પૃથ્વી ઉપર પ્રગટ થઈ પરમકૃપાળુ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની જેમ છે તેમ સરળ રીતે સર્વોપરી ઓળખાણ કરાવીને તેમની મૂર્તિનું જેમ છે તેમ મૂર્તિમાં રહીને સુખ લેવાની અતિ ઉચ્ચત્તમ સ્થિતિ અને દિવ્યાનુભૂતિ તેમના જોગમાં જે કોઈ આવેલા અને તેમને જણાવેલ જ્ઞાનવાર્તા થી આપણને સૌ કોઈને કરાવી છે. ત્યારબાદ પ.પૂ. અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા સવંત ૧૯૮૪ સુધી આ લોકમાં રહ્યા અને બાપાશ્રીના નામથી પ્રસિધ્ધ થયા. તેમના આ દિવ્યજીવનના જીવનપ્રસંગો તેમજ સ્મૃતિ સ્થાનો આપણને એવીજ દિવ્ય અનુભૂતિ કરાવે છે.

પ.પૂ. અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા અંતરધ્યાન થયા તેને સવંત ૨૦૮૪માં એટલે કે ઈ.સ.૨૦૨૮માં ૧૦૦ વર્ષ પૂર્ણ થાય છે, તો આપણા સૌ માટે એ વર્ષ દિવ્ય સ્મૃતિ શતાબ્દી વર્ષ બની રહેશે. તો આવનારા વર્ષોમાં આપણે આ **"અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા સ્મૃતિ શતાબ્દી"** ઉપલક્ષ્યે વિવિધ સ્થળોમાં વિવિધ આયોજનો કરીએ તેનો લાભ લઈને દિવ્યાનુભૂતિ કરી સહભાગી થઈશું.

**શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિરથી સંતમંડળ, ટ્રસ્ટી મંડળ તથા હરિભક્તોના હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ**

RNI No.: GUJGUJ/2004/52455

જુલાઈ: ૨૦૨૫

વર્ષ : ૨૨

અંક : ૦૭



# મૂર્તિ



**દિવ્ય પ્રેરણા**

પ.પૂ. અ.મુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી



**તંત્રી**

શ્રી કલ્યાણ નારાણ વેકરીયા

**પ્રકાશક**

**શ્રી અબજીબાપાની છતેડી અને**
**હનુમાનજી મંદિર**

બળદિયા-ભુજ (કચ્છ)
મોબાઈલ : ૯૦૯૯૦ ૪૯૨૮૨
૯૦૯૯૦ ૪૯૨૮૪
E-mail : abjibapachhatedi@gmail.com
Website : www.abjibapanichhatedi.org

**લવાજમ**

| | |
|---|---|
| વાર્ષિક | : રૂા. ૫૦/- |
| પંચ વાર્ષિક | : રૂા. ૨૦૦/- |
| ૨૦ વાર્ષિક | : રૂા. ૫૦૦/- |
| વિદેશમાં ૨૦ વાર્ષિક | : રૂા. ૪૦૦૦/- |

**પ્રકાશન તારીખ**

દર માસની ૧૧ તારીખે

**પ્રિન્ટીંગ**

સ્વસ્તિક પ્રિન્ટર્સ-ભુજ
બેઝમેન્ટ, પિંડોરીયા ચેમ્બર્સ,
ન્યુ સ્ટેશન રોડ, ભુજ - કચ્છ.
E-mail : swastik.gr@gmail.com



| અનુક્રમ | પેજ |
|---|---|
| શ્રીહરિચરિત્રામૃતમ્ | ૪ |
| સહજ અમૃત | ૬ |
| અબજ અમૃત | ૭ |
| દિવ્યામૃત | ૮ |
| આધ્યાત્મિક જ્ઞાન | ૧૦ |
| અવગુણ-દ્રોહ ના કરવો | ૧૨ |
| આત્મનિષ્ઠા અને ભગવાનનું મહાત્મ્ય | ૧૪ |
| શ્રી સહજાનંદ સ્વામીએ માનકુવાથી લખેલ પત્ર | ૧૬ |
| કેળવણી | ૧૭ |



# શ્રીહરિચરિત્રામૃતમ્

**સદ્. શ્રી આધારાનંદ સ્વામી રચિત પદ્યનો સંક્ષિપ્ત ગદ્ય અર્થ**

ગતાંકથી ચાલુ...

**•માનસપુરના રાજાના મનોરથ પૂરા કરી, સેવકરામને સાજો કરી વેંકેટાદ્રી, શિવકાંચી, વિષ્ણુકાંચી, રામેશ્વર, ભૂતપૂરી, કન્યાકુમારી પદ્મનાભ, સુંદરપુર, પમ્પાસરોવર, પંઢરપુર, પુના, નાસીક થઈ ગુજરાતમાં પ્રવેશ કર્યો ને લોજ પધાર્યા.**

•ચાલતા ચાલતા શ્રીહરિ આદિકૂર્મ તીર્થ થઈ બાજુમાં માનસપુર નામે નગર હતું ત્યાં પધાર્યા. ત્યાંનો રાજા પવિત્ર વિચારનો હતો. તેમણે ઘણા અન્નક્ષેત્રો અન્નાર્થીઓ માટે બંધાવેલાં હતા. તેમની નજર શ્રીહરિ ઉપર પડી. શ્રીહરિના તપ-ત્યાગ જોઈને શ્રીહરિની ભાવથી સેવા કરી. મોટા દેવ જેવા જાણીને જાતે જ સેવા કરતો. આ જાણી અસુરી લોકો બળી ઉઠ્યા. તેમને વર્ણીને મારી નાખવા શેર-શેરના પથ્થરો શ્રીહરિ બેઠા હતા ત્યાં ફેક્યાં. પથ્થરોનો ગંજ થઈ ગયો. શ્રીહરિને એક પણ પથ્થર વાગ્યો નહિ આ જોઈ તેઓ વધારે ક્રોધિત થઈ હથિયાર લઈ શ્રીહરિને મારવા તૈયારી કરી. લોકો અને રાજાને આ વાતની ખબર પડતા સૌ શ્રીહરિ પાસે દોડી આવ્યા. શ્રીહરિને રાજાના ગુરુ જાણી તેમનો દ્રોહ કર્યો એ મારો દ્રોહ કર્યો કહેવાય. મારુ અન્ન ખાઈને મારું જ અહિત કર્યું. જો આ વર્ણી ન મળ્યા હોત તો આવા ગુરૂઓનું સેવન કરી હું યમપુરીમાં જ જાત માટે આ અસુરોનો નાશ કરવો જોઈએ એમ વિચાર કરે છે. રાજાનો આવો ક્રોધ જોઈ અસુરો પોતાનો સમાન લઈ નાસવા લાગ્યા. રાજાએ પોતાનું સૈન્ય મેલી એક હજાર જેટલા અસુરોને મારી નાખ્યા. રાજા શ્રીહરિને ધામ-ધૂમપૂર્વક પોતાના રાજ દરબારમાં લઈ ગયા અને રાણીને દર્શન કરાવ્યા. રાજાના પરિવારે શ્રીહરિનું શરણું લીધું. શ્રીહરિએ ત્યાંથી આગળ ચાલવાની તૈયારી કરી રાજાએ ધામ-ધૂમપૂર્વક વિદાય કરી પાંચ ગાઉ સુધી વણાવવા ગયા. પછી વર્ણી એકલા ચાલી નિકળ્યા. શ્રીહરિની મૂર્તિ રાજાએ અંતરમાં ધારી લીધી. શ્રીહરિ ચાલતા દેખાયા બંધ થયા પછી રાજા પાછા વળ્યા. શ્રીહરિ ત્યાંથી વેંકેટાદ્રી થઈ રામેશ્વરનો રસ્તો લીધો.

•વેંકેટાદ્રી જતા રસ્તામાં અયોધ્યાના જન્મસ્થાનનો રહેવાસી સેવકરામ નામે સાધુ ભેગો થયો. તેમની પાસે ગોપીકાગીતના શ્લોકો શ્રીહરિ શીખ્યા. સાથે રહેતા ઓળખાણ કાઢતા ખબર પડી કે નિલકંઠ રામપ્રતાપના ભાઈ છે. ત્યારે સેવકરામ કહે તમે પાંચ વર્ષ થયા ઘરનો ત્યાગ કર્યો છે છતાં હજુ તમારા ભાઈ ચારે ધામના યાત્રાળુ કે સંત આવે તેમને તમારી માહિતી મેળવવા પૂછે છે, પણ કોઈ ખબર ન મળતા અકળાય છે. હવે તમે અમારા હાથ લાગ્યા છો તો હું તમને દૂર થવા દેવાનો નથી. આ સાંભળીને વર્ણી હસીને બોલ્યા, ''હવે તમારે અને અમારે બને નહિં '' એમ કહી સેવકરામને તજી દિધો, ત્યારે તે રડવા લાગ્યો, તો પણ શ્રીહરિ તેની સાથે બોલ્યા નહિ. ત્યારે તેને ભય લાગવાથી ઝાડા(પેટ બેસણું) થઈ ગયા. જેની સંગે તે આવેલો તે કોઈ રહ્યું ન હતું તેથી નિરાધાર થઈ ગયો હતો. તેથી રડતો હતો. ત્યારે શ્રીહરિ કહે,''ભગવાન વિના બીજી વાત ન કરો તો તમારી સેવા કરીએ'' ત્યારે સેવકરામ તૈયાર થયો ત્યારે આગળ ગામ નજીક ફુલવાડી હતી. ત્યાં મોટા વડના વૃક્ષ નીચે કેળના પાંદડાની પથારી કરી સુવાડ્યો અને બે મહિના સેવા કરી સાજો કર્યો તોપણ આગળ ચાલ્યા ત્યારે તેનો ભાર મણ એકનો નિલકંઠવર્ણી પાસે ઉપડાવતો અને પોતે એક માળા લઈને ચાલતો. પોતે પાકી રસોઈ શ્રીહરિ પાસે બનાવી જમતો અને શ્રીહરિ ગામમાંથી ભિક્ષા માગી લાવી જમતા અને ન મળે તો ઉપવાસ થતો તો પણ તેણે કોઈ દિવસ શ્રીહરિ માટે જમવાનો ખ્યાલ ન રાખતો. શ્રીહરિએ તેને કૃતઘ્ની જાણીને તેનો ત્યાગ કર્યો. વેંકેટાદ્રિ પહોંચીને ત્યાંના દેવના (તીરૂપતી બાલાજી)ના દર્શન કર્યા. ત્યાં પાંચ દિવસ રહીને શિવકાંચી-વિષ્ણુકાંચી થઈ શ્રીરંગક્ષેત્ર આવ્યા. ત્યાંના વૈષ્ણવો નાટક ચેટક અને કુકર્મો કરતા તેમને ઉપદેશ આપી ધર્મમાં પ્રવર્તાવ્યા.

•કાવેરી પાર કરી શ્રીહરિ મલબાર પધાર્યા. ત્યાં રામ નામનો રાજા ભક્ત અને સદાવ્રતી હતો. આ પ્રદેશ ખૂબ રળીયામણો હતો. જેમાં ચંદનના વૃક્ષો, લવિંગ, દ્રાક્ષ, તજ, સોપારી વગેરે તેજાના થતા. ચાર માસ ત્યાં રહ્યા પણ રાજાએ ત્યાં જ રહી જવા



આ સત્સંગમાં પૃથ્વીલોકના, ગોલોકના અને અક્ષરના મુક્ત છે,
પણ અનાદિમુક્ત ભેળા જવાનો છેલ્લો ઠરાવ રાખવો.

પ્રાર્થના કરી. શ્રીહરિ તેમને કહ્યું કે જ્યારે તમે સંભારશો ત્યારે અમે તમને દર્શન દેશું. શ્રીહરિની મૂર્તિ અંતરમાં ઉતારી શ્રીહરિને વાજતે ગાજતે ધામધૂમથી વિદાય કર્યા. શ્રીહરિ આગળ ચાલતા સમુદ્ર કિનારે આવ્યા. ચાલતા ચાલતા સેતુબંધ રામેશ્વર પધાર્યા, મૂર્તિમાન સમુદ્રે તેની પૂજા કરી બે માસ ત્યાં રહી રામકથા સાંભળી. સેતુંબધથી ચાલ્યા તે સુંદરરાજ, ભૂતપૂરી થઈ વનમાં ચાલ્યા. ત્યાં એક યોગી એકલા તપ કરતા હતા પણ અંતરમાં પોતા જેવું કોઈ નહિ તેનું અભિમાન ભર્યું હતું. શ્રીહરિ તેમનો દંભ ઉઘાડો પાડી આગળ પાંચ દિવસ વનમાં ચાલ્યા, પણ કાંઈ મળ્યું નહિ. કંઠ સુકાવા લાગ્યો. એક સ્થળે નીર હતું તેમાં નાહ્યા અને વિષ્ણુને નવડાવ્યા. ચાર પ્રબોળિયાની સીંગફળી મળી તેનું નૈવેદ્ય કરી પોતે જમ્યા. પછી આગળ ચાલ્યા ત્યારે બીજે દિવસ મધ્યાહને એક કુવો આવ્યો ત્યાં નાહ્યા. પછી વિષ્ણુને સ્નાન કુંવામાંથી કઠારી ભરી નવરાવ્યા તે બધું પાણી પી ગયા. એમ વારે વારે કુવામાંથી કઠારી ભરી ભરી ધાર કરતા તે વિષ્ણુ પી જતા પછી તો કઠારીમાં જ વિષ્ણુને બેસારી કુવામાં કઠારી ઉતારી વિષ્ણુ તૃપ્ત થયા ત્યાં સુધી ધરી રાખી પછી વિષ્ણુ તૃપ્ત થયા જાણી બહાર કાઢ્યા. પણ એમ વિચાર થયો જે વિષ્ણુને આટલી તરસ હતી તો ભૂખ પણ હસે. એમ વિચારે છે. તેવામાં કાપડીના વેશે શંકર-પાર્વતી વિષ્ણુ માટે સાથવો લાવ્યા તે વિષ્ણુને નૈવેદ્ય કરી પોતે જમી તૃપ્ત થયા. શ્રીહરિ તેમને પગે લાગી પ્રાર્થના કરી કે મારો વૈરાગ્ય દૃઢ રહે એવી સહાય કરજો. આ સાંભળી શીવ બોલ્યા કે તમે સાક્ષાત નારાયણ છો અને પૃથ્વીનો ભાર ઉતારવા પ્રગટ થયા છો પછી તેઓ અદૃશ્ય થઈ ગયા. એમ અરસપરસ મહિમા ગાઈ શ્રીહરિ ભૂતપુરી પધાર્યા.

• ભૂતપૂરીમાં આવી રામાનુજાચાર્યની મૂર્તિના દર્શન કર્યા. ત્યાં સંન્યાસી જીઅર સ્વામી એમના શિષ્યો સાથે રહેતા. શ્રીહરિ ત્યાં ચક્રઅંકિત થયા. તેઓ સર્વ ધર્મ નિયમે યુક્ત રહેતા પણ સ્ત્રી સાથે બોલવા અડવામાં બાધ માનતા નહી. એક વખત શ્રીહરિએ જીઅર સ્વામીને પૂછ્યું જે, ‘‘સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ એ ત્યાગીને મોટા બંધન છે. તેની વિક્તિ કહો. તેમજ પિંડ-બ્રહ્માંડના દુ:ખની અને આત્મા-પરમાત્મા તથા અક્ષરધામના સુખની વાત કહો.’’ તે સાંભળીને તેઓ ક્રોધિત થઈ પોતાના શિષ્યોને કહે, ‘‘આ છોકરાને અહિંથી રજા આપો. બાળક થઈને બ્રહ્માંડ સાથે બાથ ભરે છે. ગગનની ગતિ ગરૂડ લઈ શકે, મચ્છરને શી ખબર પડે ? મોટા ઈશ્વરની વાતમાં હાથ નાખવા જાય છે તેને હું શ્રેષ્ઠ માનતો નથી માટે એને અહિંથી રજા આપો.’’ શ્રીહરિએ તેમને કામ, ક્રોધ, લોભ નરકના દ્વાર છે તેનું પરિણામ ભયંકર હોય છે એમ કહી શ્રીહરિ ત્યાંથી ચાલી નીકળ્યા અને કુમારિકા(કન્યા-કુમારી) ક્ષેત્રે આવ્યા. ત્યાંથી ચાલ્યા તે પદ્મનાભ (ત્રિવેન્દ્રમ્, કેરલા) આવ્યા. ત્યાંથી આદિકેશવ થઈ સુંદરપુર આવ્યા. સુંદરપુરમાં જગન્નાથપુરીથી નાસેલા અને શ્રીહરિના દ્વેષી અસુરોએ વર્ણીને જોયા. તેઓ શ્રીહરિને હથિયાર લઈ મારવા દોડ્યા. પૂરવાસીઓ એ રોક્યા અને ત્યાંના રાજાને ખબર આપી. રાજાએ પોતાના સૈન્યને મોકલ્યું તો અસુર બાવાઓ સૈન્યની પણ સામે થયા. તેથી સૈન્યએ અસુરોને ગોડીએ દીધા. આમ બે હજાર અસુરો માર્યા ગયા. રાજા શ્રીહરિને વામન સ્વરૂપે ભગવાન મળ્યા છે એવો ભાવ જણાવી પોતાના ભવન પધરાવ્યા અને પૂજા કરી, ફળફુલ અર્પણ કર્યા, અને ચરણ છાતીમાં લીધા. શ્રીહરિ કહે તમે ભગવાનના સંતની રક્ષા કરી છે માટે તમે જપ-તપ બધું કરી લીધું. તમારી ભગવાન અને સંત રક્ષા કરશે અને અક્ષયસુખ આપશે. એવું વરદાન દઈ આગળ ચાલ્યા ને મલયાચલ વનમાં આવ્યા. જ્યાં મલયાગર ચંદનના વૃક્ષને સર્પ વિંટાયેલ જોયા. પાંચે દિવસ એ વનમાં રહી સાક્ષીગોપાલ કિષ્કિંધાપુર, પંપા સરોવર(કર્ણાટક) થઈ પંઢરપુર(મહારાષ્ટ્ર) આવી વિઠોબાના દર્શન કર્યા. ચંદ્રભાગા નદીમાં સ્નાન કર્યુ અને ભક્તો વિઠોબા મંદિરમાં કિર્તન કરતા જોઈ રાજી થતા અને પોતે કિર્તન કરાવતા.

• પંઢરપુરથી આગળ ચાલતા જંગલમાં એક રાક્ષસ સુતો હતો. શ્રીહરિને દેખી તેના પગમાં પડ્યો. તેમને આગળનો રસ્તો પૂછી શ્રીહરિ પૂના(પૂણે, મહારાષ્ટ્ર) પધાર્યા અને બાપુ ગોખલે નામના વિપ્ર દિવાનની ફુલવાડીમાં ઉતર્યા. દિવાન ગોખલે અને તેના પત્નિ ભક્તિનિષ્ઠ હતા. નિત્ય શ્રીહરિની ચંદન-પુષ્પથી પૂજા કરે અને ચરણ ચાંપે. તેમને શ્રીહરિના ચરણમાં ૧૬ ચિહન્ જોયા અને ભગવાનપણાનો નિશ્ચય થયો. શ્રીહરિએ પણ વૃંદાવનમાં રાસરમણ કરતાં શ્રીકૃષ્ણ ભગવાનના દર્શન કરાવ્યા. દિવાન દર એકાદશીએ જાગરણ કરતા શ્રીહરિ સં૧૮૫૫નો અષાઢ માસ તેમને ત્યાં રહ્યા. બે એકાદશી આવી તેમાં શ્રીહરિને હિંડોળે ઝુલાવ્યા અને કેસર, ચંદન, પુષ્પોથી શ્રીહરિની પૂજા કરી. ત્યાંના રાજા-રાણી પેષ્વાને પણ તેમને ભુવને લઈ જઈ શ્રીહરિના દર્શન કર્યા. પણ તેમનો ભાવ જુદો હતો તેથી શ્રીહરિને તેમને વિષયના બંધનમાંથી છોડાવવા ઉપદેશ આપ્યો. શ્રીહરિ દિવાન ગોપાલેની ભક્તિથી પ્રસન્ન થઈ આગળ ચાલ્યા અને નાસિક પધાર્યા. ત્યાં ત્રંબકેશ્વરના દર્શન કરી ગોદાવરીમાં

**અનુસંધાન પેજ ૧૬ પર**




જેમ ચાર યુગના જુદા જુદા ફળ છે તેમ અનાદિના યોગે ભાગવતીતનુરૂપ ફળની પ્રાપ્તિ થાય છે.

# સહજ અમૃત



★ શ્રીજી મહારાજ બોલ્યા જે, અમે અમારું જેવું અંગ છે તેવી વાર્તા કહીએ છીએ તે સાંભળો જે, ''જ્યારે અમારે બાળ અવસ્થા હતી ત્યારે પણ દેવ-મંદિર હોય ત્યાં દર્શને જવું, કથા-વાર્તા સાંભળવી, સાધુનો સમાગમ કરવો, તીર્થ કરવા જવું એવી વાર્તા ગમતી. અને જ્યારે ઘર મૂકીને નીસર્યા ત્યારે તો વસ્ત્ર રાખવું ગમતું નહિ, અને વનમાં જ રહેવું ગમતું અને બીક તો લેશ માત્ર લાગતી જ નહિ, અને વનમાં મોટા મોટા સર્પ, સિંહ, હાથી ઈત્યાદિ અનંત જનાવર દીઠામાં આવ્યા પણ કોઈ પ્રકારે હૈયામાં મરવાની બીક જ લાગતી નહિં, એવી રીતે મહાવનમાં નિર્ભય રહેતા, પછી તીર્થને વિષે ફરતા ફરતા રામાનંદ સ્વામી પાસે આવ્યા પછી ભગવાનના ભક્તને સારુ લગાડવાને અર્થે કહીએ છીએ જે આ સારું ભોજન છે, આ સારું વસ્ત્ર છે, આ સારું ઘરેણું છે, આ સારું ઘર છે, આ સારું ઘોડું છે, આ સારા પુષ્પ છે તે ભક્તને સારું લાગે તે સારું કહીએ છીએ અને અમારી સર્વે ક્રિયા છે તે ભગવાનના ભક્તને અર્થે છે પણ પોતાના સુખને અર્થે એકે ક્રિયા નથી. અમારા અંતરમાં તો અખંડ એવો વિચાર રહે છે જે જેટલું માયિક પદાર્થ માત્ર છે તે સર્વે નાશવંત ને તુચ્છ છે પણ એમ વિકતિ નથી જણાતી જે આ સારું પદાર્થ છે ને આ ભૂંડું પદાર્થ છે. જેટલા માયિક પદાર્થ છે તે તો એક સરખા જણાય છે. જેમ કાખના મુવાળા છે તેમાં સારો કયો ને નરસો કયો? અમારે તો ખાતા, પીતા, ઘોડે ચડતાં, રાજી-કુરાજીપણામાં સર્વે કાળે મન ઉદાસી રહે છે અને અંતરમાં રાત-દિવસ એમ વિચાર રહે છે જે આપણ તો દેહથી પૃથક આત્મા છીએ પણ દેહ જેવા નથી. અને જે એકાંતિક ભક્ત હોય તેનું જે મન તે ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન કરે અને વાણી તે ભગવાનના યશને જ ગાય, અને હાથ તે ભગવાન કે ભગવાનના ભક્તની સેવા-પરિચર્યાને જ કરે અને કાન તે અખંડ ભગવાનના યશને જ સાંભળે, એમ ભગવાનની ભક્તિ જાણીને જે જે ક્રિયા કરીયે છીએ તે થાય છે. પણ એ ભગવાનની ભક્તિ વિના તો અમે સર્વ પદાર્થથી ઉદાસ છીએ.'' આ સાંભળી સંતમંડળે કહ્યું જે, તમે જે કહ્યું તે વિચાર તે અમારે સર્વેને રાખવાનો છે તમે તો હે મહારાજ! કૈવલ્ય મૂર્તિ જ છો.(ગ.મ.૫૫)

# અબજ અમૃત



★મુમુક્ષુને ભેખધારી અમારો અભાવ ઘાલે છે. પણ મૃત્યુ આડી એક ઘડી (૨૪ મિનિટ/અંત ઘડી) રહી હોય ને એવામાં આવા મોટાને વિષે જોડાય તો આત્યંતિક મોક્ષ થાય. મોટા તો જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિથી પર વર્તતા હોય. તેમને કોણ ઓળખે? તો જે ગરજુ હોય તે ઓળખે. મૂર્તિમાં જોડાઈ જવું કલેવરને ગમે તે થાય; એવી સ્થિતિમાં રહેવું. સુખ આવે કે દુઃખ આવે તો પણ કોઈનો અભાવ આવવા દેવો નહિ. કળિ ખરેખરો આવ્યો છે તેમાં સતયુગ સ્થાપવો. આજ સિદ્ધિઓનું જોર વધ્યું છે, આવો ભા, આવો સ્વામી, આવું માન વધ્યું છે.(૧/૨૨૭)

★બાપાશ્રીની જાંબુડા વાડીએ જાંબુડાના વૃક્ષ નીચે બેસી બાપાશ્રી તથા સંતો માનસી પૂજા કરી બેઠા. એવામાં કેરાના એક હરિભક્તનો છોકરો રમતો હતો તેને આંચકી આવી અને દેહ પડી ગયો. તેથી તેના બાપે એ છોકરાને ઈશ્વરચરણદાસજી સ્વામીના ખોળામાં નાખ્યો. ત્યારે સ્વામી કહે આ તો મને અભડાવ્યો. ત્યારે બાપાશ્રી કહે જે એ છોકરાને પાણી પાઓ, પછી પાણી પાયું ને તે છોકરો જીવતો થયો. પછી બાપાશ્રી બોલ્યા જે આ નૈમિષારણ્ય ક્ષેત્ર હતું તો આ છોકરો બચી ગયો. (૧/૨૨૮)

★ઉપરદળવાળા રામજીભાઈ અહિ આવતા તે અહિના મંદિરના ચોકમાં નાળિયેરી, જામફળી આદિ વૃક્ષોને બાથમાં ઘાલીને મળે ને રુએ ને કહે જે તમે મોટા ભાગ્યવાળા છો તે સદાય આવા મોટાના દર્શનનો લાભ લો છો, અને મારે આ દર્શન મેલીને જાવું પડશે. એમ બોલે. એવા હેત અને મહિમાવાળા હતા.(૧/૨૨૮)

★બ્રહ્માનંદ સ્વામી જેવા આ સભામાં જ છે, પણ તેમની સામર્થી રૂંધી રાખી છે. વખત ન વંજાવવો, ન વંજાવવો. આ વખત નહિ મળે. એમને વિષે ભાવ એવો ને એવો રાખવો. તે વખતે પણ મહારાજ આમ ને આમ સુખીયા કરતા અને આજ પણ એમને એમ કરે છે. આપણે ભેળા બેસીએ છીએ ને કથા-વાર્તા કરીએ છીએ તેથી સખાભાવ રહી જાય એટલે ખબર ન પડે, પણ જેને એવું દિવ્ય ભાસતું હશે તેને અતિ આનંદ થતો હશે ને મૂર્તિમાં વૃત્તિ લીન થઈ જાતી હશે. અને તેજોમય ફુંવારા ઝળળળ ઝળળળ છૂટતા હશે. માટે આ સભા દિવ્ય તેજોમય અક્ષરધામની સમજવી. એમ ન સમજે તે ચંડાળ છે.(૧/૨૨૮)

લાંબી અવધીએ મોક્ષ થાય તો મોટા મળ્યા તેનું ફળ શું?
માટે મોટા મુક્ત મળ્યા તેને જન્મ ધરવો પડતો નથી.


# દિવ્યામૃત



## •સદ્. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

•મહારાજ કહે જેને ભગવાનમાં અતિશય હેત થયું હોય, તેના લક્ષણ કેવા હોય? તો મહારાજ કહે એને ભગવાનની કથા, વાર્તા, કિર્તન કર્યા વિના રહેવાય જ નહિ. મહારાજ કહે થાકીને આવ્યો હોય, તોય કથાવાર્તામાં હેત રહે. દેહમાં રોગ થયો હોય. દેહ અશક્ત થયો હોય તોય તે સૂતા સૂતા કથા સાંભળે; એ વિના રહેવાય નહિ. એમ જેને ભગવાનમાં હેત હોય તેને મંદવાડમાં, સુખમાં, દુઃખમાં પણ ભગવાન સાંભર્યા કરે. ત્યારે જાણવું કે એને ભગવાનમાં ખરેખરી પ્રીતિ છે. એને ભગવાનમાં ખરું હેત છે. ઓલાને જરાક દુઃખ આવે તો ભગવાન ભૂલી જાય. રાડો પાડે પણ ભગવાનને ન સંભારે ત્યારે એણે હજી ભગવાનનો પૂરો મહિમા જાણ્યો નથી. માટે આપણે ભગવાનના ભક્ત થયા છીએ. ભગવાન આપણને મળ્યા છે. મહારાજના મુક્ત મળ્યા છે. છતાં હજી આપણને એમ થાય કે, મારો મોક્ષ થશે કે નહિ થાય? એ બહુ જ મોટામાં મોટી ખોટ કહેવાય એ ખોટ કાઢી નાખવાની અને સ્વામિનારાયણ ભગવાન મળ્યા, બાપા મળ્યા. તો આપણો મોક્ષ થઈ ગયો છે. મોક્ષ તો એમને કરવો છે, ક્યાં આપણે કરવો છે? એમને સોંપી દો. અમે તમારા શિષ્ય. તમે મારો હાથ ઝાલ્યો છે તે મેલશો નહિ. અને એમ થાય કે હજી તો મન માયામાં દોડે છે અને હજી આ કરવું આ કરવું ને ભગવાનની મૂર્તિ પૂરી સાંભરતી નથી તે આપણો મોક્ષ ક્યાંથી થાય? એવો ઘાટ ન ઘડવો, તે અજ્ઞાન કહેવાય. આગળ જે મોટા મોટા ભક્ત થઈ ગયા તે શું વહેવાર નહોતા કરતા? વહેવાર કરતા, ખેતી કરતા. એને કાંઈ રહી ગયું? અખંડ ભગવાન સાંભરતા હશે? પર્વતભાઈ જેવા સિદ્ધમુક્તો હોય, એને કાંઈ કરવાનું હોય જ નહિ. એ તો ભગવાન સંભારીને બધું કામ કરે, પણ સાધનિક હોય તેને તો બધો જ ભાવ દેખાયને. પણ આપણને અજ્ઞાન રહી જાય છે એવું. સ્વામિનારાયણ ભગવાન મળ્યા, શ્રીજી મહારાજ આપણો મોક્ષ કરે. તેમાં આપણે કરવાનું શું છે? આપણે મહારાજના પાંચ વર્તમાન દઢ કરીને પાળવાનાં છે અને આ કથા-વાર્તા કરીએ છીએ એ કરવાનું છે. જેમ સૂઈ જઈએ છીએ તેમ ધ્યાનમાં ઊંડા ઊતરીને મૂર્તિમાં જોડાઈ જઈએ એમ બધાય ન કરી શકીએ. પણ આ કથા-વાર્તા, કિર્તન, પૂજા-પાઠ મહારાજે આજ્ઞા કરી છે તે ન મેલવું.

•પ્રત્યક્ષ ભગવાનની વાર્તા કરનારા છે, એવા જે ભગવાનના ભક્ત છે તે કાળ, કર્મ, માયાનાં પાસ થકી છૂટીને અભય પદને પામે છે ને ભગવાનના પાર્ષદ થઈ જાય છે. આમ ભગવાન ભજે છે તે મહારાજ કહે ભગવાનને પામે છે. એમ મહારાજે કહ્યું છે. અને જે માયિક બુદ્ધિ ભગવાનમાં પરઠે છે. કે એમ કાંઈ મોક્ષ થાય? આ મૂર્તિ તો બોલતી નથી. ઈથી શું મોક્ષ થાય. આપણે એમ સમજવું કે સ્વામિનારાયણ ભગવાન તો અક્ષરધામમાંથી આવીને બેઠાં છે.



## •અ.મુ.પ.પૂ. શ્રી સોમચંદબાપા

•બહારવૃત્તિમાં પ્રદેશ ગમે તેવો ભલે હોય, પણ અંતઃવૃત્તિએ તો ચિદઘન તેજનો રાશિ જે પુરુષોત્તમનું ધામ જ્યાં તેજ તેજનાં અંબાર છે, તે મધ્યે દિવ્ય સાકાર, દિવ્ય તેજોમય એ મહાપ્રભુએ આપણા ચૈતન્યને દિવ્ય સાકાર કરી મૂર્તિમાં રાખેલ છે એ દઢતા કાયમ રાખવી. ચાલોચાલ અને કાર્યસત્સંગથી આવું મનાતું નથી. આ પ્રાપ્તિ તો કેવળ કૃપાની છે. બાપાશ્રી કહે છે કે,''આપણને કૃપાસાધ્ય પુરુષ મળી ગયા છે. આપણે એક મૂર્તિને બાઝવું, મૂર્તિ ભૂલીને હલરવલર ન કરવું. મૂર્તિમાં બધુંય છે. મૂર્તિ ન્યાલકરણ છે. આ વાતનો આલોચ રાખવો. મહારાજ સાથે હોય એટલે બધેય સુખ. દિન-પ્રતિદિન સત્સંગનું બળ વૃદ્ધિ પમાડવું.''



અનાદિમુક્ત તો મહારાજના સંકલ્પ ભેળો સંકલ્પ મેળવીને અનેક જીવને સુખિયા કરી મુકે છે.

• નાના બાળકમાંથી મોટા કરવા જેમ જીવને જનેતા જેવું કોઈ નથી, તેમ આત્યંતિક મોક્ષ કરવાના અનેક પ્રકાર સમજાવવામાં અનાદિ મહામુક્ત જેવું કોઈ નથી. એમની કૃપાથી મહારાજની પ્રસન્નતા તુરત થાય છે, કેમ કે એમણે શ્રીહરિને વશ કરી લીધા છે. વચનામૃતરુપી દિવ્ય ગ્રંથમાં મહારાજ અને મહારાજના મુક્ત બંને કલ્યાણકારી છે, એવું દરેક પ્રશ્ન-ઉત્તરના વિવેચનમાં સમજાવેલું છે. આવા મોક્ષના દાતા મહાપ્રભુ અને તેમની દિવ્ય સભા ભેળા સદાય રહેવું. એમનો અખંડ દિવ્ય ભાવ રાખવો. શ્રીજીમહારાજ અખંડ, સનાતન ને દિવ્ય છે, તેમ જ ધામની સભા પણ દિવ્ય છે. શ્રીહરિએ દિવ્યભાવની જેતલપુરમાં વાત કરી કે,

''આ સભામાં આપણા સૌનાં તેજોમય તન છે,
છટા છૂટે છે તેજની જાણે પ્રગટ્યા કોટિક ઈંદુ છે.
એટલું જો સમજશો તો કરવું તમારે કાંઈ નથી,
મળ્યા છે જે તમને તે પાર છે અક્ષરથી ''

વળી પોતે જ સમજાવે છે કે,'' આ ગઢડું શહેર કે ઓશરી કાંઈ નથી, તમે સર્વે ત્યાં જ બેઠા છો, એમ હું દેખું છું. '' આવા વચનનું મનન, નિદિધ્યાસ કરતાં એ શ્રીહરિનાં વચન યથાર્થ જણાય. મહારાજની દયા અપાર છે, એમની કૃપાથી જ આત્યંતિક મોક્ષ થાય છે, એ અનુસંધાન રાખવાથી સદાય આનંદ આનંદ વર્તે.

## •અ.મુ.પ.પૂ. શ્રી જાદવજીબાપા



•ભગવાન કેવા છે? જન્મ્યા થકા અજન્મ્યા છે. ભગવાન તો જેવા અક્ષરધામમાં છે તેવા ને તેવા જ અહીં દર્શન દે છે. પણ જ્યારે સત્પુરુષનો જોગ થાય ત્યારે દેહના ભાવ મટીને આત્મારુપ થઈ પરમાત્મામાં જોડાય છે, ત્યારે મહારાજ વિના બીજું કાંઈ રહેતું નથી. જેમ દેહને વિષે આપોપું છે તેમ ભગવાનની મૂર્તિ સાથે એકાત્મતા કરવી. ત્યારે એ ઈન્દ્રિય અંતઃકરણથી માયિક મટી ને જીવ શિવ મુક્ત થઈ જાય છે.

•જીવને જ્યાં સુધી હજી દેહના ભાવ ભૂલાણા નથી ત્યાં પ્રગટ ભગવાનના દર્શન કરતો હોય.. પૂજા કરતો હોય.. મળતો હોય.. પણ ઉપર ઉપરથી કરે છે. પ્રગટનો મહિમા સમજે જે અક્ષરધામમાં છે તે જ આ જે દયા કરીને મને દર્શન દયે છે મારા મનોરથ પૂરા કરે છે. મારી સેવાને અંગીકાર કરે છે. મારા અનાદિના વિકાર માત્ર ટાળી નાંખે છે. પોતા જેવો કરીને પોતા ભેળો રાખ્યો છે. આવી જ્યારે સમજણ થાય એ દેહ છતાં જ એ મહારાજના સુખમાં છે. દેખાય છે દેહ પણ, દેહમાં એને હેત નથી.

## •અ.મુ.પ.પૂ. શ્રી નારાયણમામા



•મહારાજ અને અનાદિમુક્તોને ઓળખવા એ જબરી ઘાંટી છે. મુક્તો મનુષ્યો જેવા જ દેખાય. બાપા પણ બોલ્યાને કે સાવ મનુષ્ય જેવા દેખાય અને ઢાંકીને વર્તવું એ તો બહુ જબરી વાત છે. એક સારું સ્વપ્ન આવે તો ય આપણે કહી દઈએ છીએ. અરે! કોઈકવાર અંદર ઉજાસ દેખાય તો પણ કહી દે છે. ત્યારે જબરજસ્ત સામર્થી ઢાંકીને વર્તવું એ તો બહુ મોટાઈ છે. ત્યારે બાપા એવી રીતે ઢાંકીને વર્તતા જેથી કોઈ ઓળખી શક્યા નહિ. પણ મહારાજ જ્યારે જણાવે ત્યારે ખબર પડે કે ઓહોહો! આખા બ્રહ્માંડોના બ્રહ્માંડો એ સ્વરુપના પ્રકાશમાં લીન થઈ જાય એવું એ સુંદર સ્વરુપ છે. મનુષ્યરુપે આવીને આમ બેઠા અને આપણને ઓળખાઈ ગયા એ આપણા મોટા ભાગ્ય. તો બધાને ઓળખાવવા. શત્રુ હોય, દ્રોહ કરે એને પહેલા ઓળખાવવા. લે ભાઈ, તારો પહેલો વારો. બાપાએ એવાને દીનજન કહ્યા. **ભગવાનને ન ઓળખી શકે એ બધા દીનજન કહેવાય.** માટે એ દીનજનને વિષે આપણે અવગુણ ન લેવો, પણ એ દીન, રાંકમાંથી રાજા થાય એટલે અનાદિમુક્ત થાય એવા એમને બાપાની વાત રાખીને કરવા પડશે.

# આધ્યાત્મિક જ્ઞાન

સંકલન : અ.મુ.શ્રી મેઘજીભાઈ કે. વિઠાણી, વડોદરા

ગતાંકથી ચાલુ.....

૩૩૧ ધર્માદો :: (૧) સામાન્ય ધર્માદો : દશાંશ-વિશાંશ ભાગ ભગવાનને અર્થે વાપરવા કાઢવો તે. તે પોતાના પાપ કર્મો બાળી નાખવા માટે છે. (૨) મધ્યમ ધર્માદો : સત્પુરુષનો સમાગમ (૩) ઉત્તમ ધર્માદો : સત્પુરુષનો સમાગમ કરતા કરતા મહારાજની મૂર્તિમાં અખંડ સ્મૃતિ રહેવા લાગે તે.

૩૩૨ માયા : ભગવાનની માયા તે કઈ છે ? દેહને વિષે અહંબુધ્ધિ ને દેહના સંબંધી અને પદાર્થને વિષે મમત્વ બુધ્ધિ એ જ માયા છે. એ માયાને ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી એ જ અને એટલો જ સર્વ શાસ્ત્રનો સિધ્ધાંત છે. એ માયાને જેણે ટાળી તે તર્યો કહેવાય. મોટા મોટા ભક્તોએ ભગવાન પાસે માગ્યું છે કે અહંમમત્વરૂપ માયા થકી રક્ષા કરજો ને તમારે વિષે પ્રીતિ થાજો ને માયાને તર્યા હોય ને તમારે વિષે પ્રીતિવાળા હોય એવા સાધુનો સંગ થાજો ને તેને વિષે હેત ને મમત્વ થાજો. આપણે પણ એમ કરવું ને માગવું ને એનો શ્રવણ, મનન ને નિદિધ્યાસ કરવો. (છે.૩૯). ।। માયિક ઉપાધિ કોને કહી છે ? માયાના ત્રણ ગુણ, દશ પ્રાણ, ચાર અંતઃકરણ, પંચભૂત, પંચવિષય ને ચૌદ ઇન્દ્રિયોના દેવતા, એનો સંગ હોય તેને. (મ.૪૫). ।। માયા ટળી ક્યારે કહેવાય ? જીવ સિધ્ધદશાને પામે ને સર્વેને વિષે મહારાજને દેખે ત્યારે. ।। પ્રકૃતિરૂપ માયા : ગુણમય છે, તેનો દેહ જડ છે, નિત્ય કહી છે, નિર્વિશેષ કહી છે, (એટલે કે તેના કાર્યમાં કોઈ એના જેવું નથી). ઈશ્વર જે પુરુષ (મૂળપુરુષ) તેની શક્તિ છે. (પ્ર.૧૨). ।। પ્રધાનમાયા : સુષુપ્તિ = તુર્યાવસ્થા ।। મૂળમાયા = સામ્યાવસ્થા ।। નિવૃત્તિ કર્મ = ત્યાગીને પાળવાના જે બ્રહ્મચર્ય, અહિંસા આદિક નિયમ છે તે ।। પ્રવૃત્તિ કર્મ = ગૃહસ્થને પાળવાના જે નિયમ છે તે. એ બે કર્મે કરીને સુષુપ્તિથી પર ગતિ થતી નથી. કર્મનું ફળ સુષુપ્તિથી પર ગતિ થતી નથી. એ કર્મનું ફળ સુષુપ્તિ (પ્રધામનમાયા) સુધી જ ભોગવાય છે. શુભ કર્મે કરીને પ્રધાનમાયા સુધી પહોંચાય. નિવૃત્તિ ને પ્રવૃત્તિ એ બે કર્મ સુષુપ્તિમાં લીન થઇ જાય છે. લીન એટલે કર્મ લીન થાય છે એમ નહિ, કર્મ કરનારની તેનાથી આગળ ગતિ નથી. તે સર્વે ભગવાનને મળેલા સંતથી ઉલંઘાય છે. (જે.૧). ।। માયા તે શું છે ? પંચભૂત, ઇન્દ્રિયો, બધાય જેમ આકાશમાં સૂર્ય, ચંદ્ર, તારા સર્વે રહ્યા છે તેમ શ્રીજીમહારાજના તેજમાં અક્ષરની, વાસુદેવબ્રહ્મની તથા મૂળપુરુષની કોટીઓ રહી છે. તે સર્વેનું આધાર શ્રીજીમહારાજનું તેજરૂપ અક્ષરબ્રહ્મ છે. મહામાયા મૂળપુરુષમાં જ લીન થાય છે ને મૂળપુરુષ વાસુદેવબ્રહ્મની સમીપે રહે છે. તેથી માયા અક્ષરબ્રહ્મમાં લીન થાય છે એમ કહેવાય. (પ્ર.૧૨). કા.૭, પ્ર.૪ માં પણ પુરુષપ્રકૃતિ અક્ષરહ્મમાં લીન થાય છે એમ કહ્યું છે. ।। જે ભગવાનથી વિમુખ છે તેને માયા અતિ બંધન કરનારી ને અતિ દુઃખદાયી છે અને ભગવાનના ભક્તને તો એ માયા અતિ સુખદાયી છે કેમકે માયાના કાર્ય જે ઇન્દ્રિયો, અંતઃકરણ ને દેવતા તે સર્વે ભક્તિને અતિ પુષ્ટ કરે છે. જીવને આશરામાં કાંઈ કાચપ હોય તેને માયા ડગાવે છે ને દુઃખ દે છે પણ જેને ભગવાનનું માહાત્મ્ય સારી પેઠે સમજીને અતિશે દ્રઢ ભગવાનનો આશ્રય છે તેને કોઈ રીતે માયા દુઃખ દેવાને સમર્થ થાતી જ નથી. (લો.૧૦).



મોટા મુક્તના સંકલ્પો તો કરોડો બ્રહ્માંડોને ધામમાં લઈ જાય એવા બળવાન છે.

૩૩૩ ભગવાનના ભક્તને ક્યા બે બળ જોઈએ? (૧) આત્મનિષ્ઠાનું બળ (૨) ભગવાનના માહાત્મ્યનું બળ. (છે.૩૯)

૩૩૪ ભગવાનનું માહાત્મ્ય કેમ જાણવું?(છે-૩૯) તો ભગવાન છે તે અનેક બ્રહ્માંડના રાજાધિરાજ છે. જે જે બ્રહ્માંડમાં બ્રહ્મા,વિષ્ણુ, શિવ હોય, સાત દ્વીપ, સાત સમુદ્ર, મેરુ, લોકાલોક આદિક પર્વત તેણે યુક્ત પૃથ્વીની રચના હોય તથા ચૌદ લોકની રચના હોય તથા અષ્ટ આવરણની રચના હોય વગેરે સામગ્રીએ સોતા જે અનેક બ્રહ્માંડ તેના રાજા ભગવાન છે. તે બ્રહ્માંડને વિષે આ જીવ છે તે ભગવાની આગળ શા લેખામાં છે ? કાંઈ નહિ. અતિ તૃચ્છ છે. ભગવાને એ બ્રહ્માંડોમાં પંચવિષય સંબંધી સુખ જીવોને આપ્યું છે, તે સુખ કેવું છે ? એ સુખ માટે કેટલાક પોતાના માથા કપાવે છે એવું મહાદુર્લભ જણાય છે. ત્યારે પોતાની મૂર્તિમાં તથા પોતાના ધામમાં જે સુખ છે તે તો બહુ ભારે છે. પ્રાકૃત વિષય સુખ છે તે તો અન્ય પદાર્થને આશારીને રહ્યું છે અને પૃથક પૃથક છે. ભગવાન છે તે તો સર્વ સુખ માત્રના રાશિ છે ને ભગવાન સંબંધી સુખ અવિનાશી ને મહા અલૌકિક છે. ભગવાને બ્રહ્માંડોને વિષે અનેક જીવોને પંચવિષય સંબંધી સુખ આપ્યું છે તે તો કૂતરાને નાખ્યો જે બટકું રોટલો તેની પેઠે અતિ તુચ્છ છે; ને પોતાને વિષે જે સુખ છે તે તો મહા મોટું છે. વળી સુષુપ્તિ અવસ્થાને વિષે એ જીવને ભગવાન મોટું સુખ પમાડે છે, ગમે તેવી વેદના થઇ હોય ને સુષુપ્તિમાં જાય ત્યારે સુખિયો થઇ જાય છે. એ ભગવાનના ચરણકમળની રજને રાધાજી, નારદ, શુક, સનકાદિક, નવ યોગેશ્વર એવો મોટા છે તે પણ પોતાના મસ્તક ઉપર ચડાવે છે ને માનને મૂકીને ભગવાની નિરંતર ભક્તિ કર્યા કરે છે. વળી ભગવાને જગતમાં વિચિત્ર સૃષ્ટિ કેવી કરી છે ને તેમાં કેવું ડહાપણ કર્યું છે જે જુઓને માણસમાંશી માણસ, પશુમાંથી પશુ, ઝાડમાંથી ઝાડ, કીડામાંથી કીડો થાય છે ને માણસનું કોઈ અંગ ભંગ થયું હોય તો તેનું ને તેવું કરવાને સમર્થ કોઈ રીતે ન જ થાય; વગેરે અનેક કળા ભગવાનમાં રહી છે. વૈરાગ્ય ક્યારે થાય ? ઉપર કહ્યા પ્રમાણે ભગવાનનું માહાત્મ્ય તથા તેમને સુખમય જાણે ત્યારે બીજા સર્વ પદાર્થમાં વૈરાગ્ય થાય છે ને એક ભગવાનમાં જ પ્રીતિ થાય છે. પોતાના જીવાત્માનું તથા ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન જેને સિધ્ધ થાય ને તે ગમે તેવા પંચવિષયના સુખમાં બંધાઈ ગયો હોય તોપણ તેમાં બંધાઈ રહે નહિ, તેને તોડીને નીક્ળીને જ રહે છે. તો જે વિષયના સુખનો ત્યાગ કરીને વર્તતો હોય ને ન બંધાય એમાં તે શું કહેવું ? માટે એ બે પ્રકારના જ્ઞાનનો (આત્મા-પરમાત્માના જ્ઞાનનો) પોતાના મનમાં વેગ લગાડી દેવો. જેને આ બે આલોચ નિરંતર રહે તેને એ જ્ઞાન સિધ્ધ થાય અને ગમે તેવા આપત્કાળમાં એની સહાય કરે.

મહારાજ કહે છે કે સર્વ ક્રિયાના પ્રવર્તાવનારા ને સર્વેના સ્વામી અમે એક જ ભગવાન છીએ. અમારી સાથે બીજાને દાવ બંધાય એમ પણ જણાતું નથી, માટે અમે એક જ ભગવાન છીએ પણ બીજો અમારા જેવો થાતો નથી. આ વાતનું રહસ્ય જે ડાહ્યો હોય તેને સમજાય પણ બીજને નહિ. આટલી વાત સમજીને જેણે દ્રઢ કરી તેને સર્વ વાત સંપૂર્ણ થઇ, એને કાંઈ કરવું બાકી ન રહ્યું. આ વાતની જેને દ્રઢતા હોય તેનો સંગ રાખવો તો આ વાર્તાની દિવસે દ્રઢતા થાતી જાય.

**ક્રમશઃ**


આજ તો સનાતન મહારાજ અને સનાતન મુક્ત મળ્યા છે. તેમની બરાબર બીજુ કોઈ છે જ નહિ.

# અવગુણ / દ્રોહ ન લેવા / કરવા વિષે

ગતાંકથી ચાલુ....

શ્રી રાજ વકીલ - અમદાવાદ

ગત અંક સુધી આપણે ભગવાન અને ભક્તનો અવગુણ ના લેવા/ દ્રોહ ના કરવા વિષેના બીજા કેટલાક વચનામૃતના સંદર્ભો જોયા. હવે તેમાં બાકીના વચનામૃતો જોઈએ. વડતાલના ૨ માં મહારાજે કહ્યું કે આ જગતના કર્તા-હર્તા ભગવાનને ના સમજીએ અને કાળ, માયા, કર્મ, સ્વભાવને સમજીએ તેમજ ભગવનને અરૂપ સમજીએ તે ભગવાનનો દ્રોહ છે. વડતાલના ૭માં મહારાજે કહ્યું કે આસુરી જીવ હોય તે ભગવાનથી વિમુખ જ રહે, દૈવી ન જ થાય કેમ જે એનુ તો બીજ જ અસુર છે. અને જો કોઈક રીતે કરીને આસુરી જીવ સત્સંગમાં આવી પડ્યો તો પણ આસુરભાવ તો ટળે નહિ, પછી સત્સંગમાં રહ્યો થકો જ અનંતવાર બ્રહ્મમાં લીન,, થાય અને પાછો નીસરે ત્યારે એનો આસુરભાવ નાશ પામે પણ તે વિના નાશ પામે નહિ. વડતાલના ૧૧માં મહારાજે કહ્યું કે ભગવાન, ભગવાનના ભક્ત, બ્રાહ્મણ અને કોઈક ગરીબ મનુષ્ય એ ચારમાંથી એકેનો જો દ્રોહ કરે તો એના જીવનું કોઈ કાળે કલ્યાણ થાય નહિ એટલે તેના જીવનો નાશ થઈ જાય. અને ભગવાનના ભક્તને જો બીવરાવતો હોય અને પ્રભુનો ભક્ત હોય તો પણ તેને અસુર જાણવો. વડતાલના ૧૨માં મહારાજે કહ્યું કે પોતામાં જે કાંઈક થોડી ઘણી ખોટ હોય તે જીવને ઝાઝી નડતી નથી પણ પરમેશ્વરના ચરિત્રમાં કોઈ રીતે સંદેહ થાય અથવા પરમેશ્વરનો કોઈ રીતે અભાવ આવે ત્યારે એ જીવ કલ્યાણના માર્ગમાંથી તત્કાળ પડી જાય છે અને વિમુખ થઈ જાય છે. વડતાલના ૧૪માં મહારાજે કહ્યું કે વર્ણાશ્રમના ધર્મ પાળતો હોય પણ ભગવાન કે ભગવાનના સંતનો દ્રોહ કરે તો તે પંચ મહાપાપીથી વધુ પાપી છે અને તેને કોઈ કાળે ભગવાનનું દર્શન હૃદયને વિષે થાય જ નહિ. માટે સત્પુરુષનો દ્રોહ કરે તેને તો કોઈ ઠેકાણે છૂટ્યાનો ઉપાય નથી અને તે પાપ વજ્રલેપ થાય છે. વડતાલના ૧૫માં મહારાજે કહ્યું કે મોટા પુરુષનો જે ઉપર કોપ થાય તે જીવ આસુરી થઈ જાય છે, માટે જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું હોય તેને ભગવાન ને ભગવાનના ભક્ત તેનો કોઈ રીતે દ્રોહ કરવો નહિ અને જે રીતે તેઓ રાજી થાય તેમ કરવું. છેલ્લાના ૮ માં મહારાજે કહ્યું કે ભગવાન ને ભગવાનના ભક્તથી જેનું મન નોખું પડી જાય અને તે ભગવાનના ભક્ત થકી જેને બેપરવાઈ થઈ જવાય એટલે કે તેમને મોક્ષના દાતા જાણીને તેની ગરજ ન રાખે તેને અમારી ભક્તિમાં મોટું વિઘ્ન છે. છેલ્લાના ૮ માં મહારાજે કહ્યું કે જેનામાં ધર્મ અને વૈરાગ્ય સામાન્ય હોય પણ ભગવાનને ભગવાનના ભક્તનો અવગુણ ન લે તો તેનો સંગ કરવો પણ અવગુણ લેતો હોય અને ધર્મ અને વૈરાગ્ય આકરા હોય તો પણ તેનો સંગ કરવો નહિ. છેલ્લાના ૧૨માં મહારાજે કહ્યું કે ભગવાન ને ભગવાનના ભક્તનો જેને અવગુણ આવ્યો હોય તેને હડકાયા શ્વાન જેવો જાણવો અને તેની સાથે જે હેત રાખે અથવા તેની વાત સાંભળે તો તે હેતના કરનારાની


મહારાજ અને મોટા મુક્ત સાથે રસબસ થઈ રહેવું. કલ્યાણમાં ફેર પડે તો તેના જોખમદાર અમે છીએ.

વાતનો સાંભળનારો પણ વિમુખ સરખો થાય. અને એવા અવગુણ લેનારના હૃદયમાંથી ક્યારેય આસુરી મતિ ટળે નહિ. અને એવા અવગુણ લેવાવાળાને કોઈ શાસ્ત્રમાં એ પાપ છૂટ્યાનો ઉપાય કહ્યો નથી. અને એવો દ્રોહી હોય તેને અનંત કોટી કલ્પ સુધી મરવું પડે અને અવતરવું પડે અને એવાના જીવનો પણ નાશ થઈ જાય છે જેથી કરીને એ કોઈ દિવસ પોતાના કલ્યાણના ઉપાયને કરી જ શકે નહિ. છેલ્લાના ૨૧માં મહારાજે કહ્યું કે ભગવાનનો જે ભક્ત હોય ને તે ગમે તેટલા વાંકમાં આવ્યો હોય તો પણ અમારે તેનો અવગુણ આવતો નથી. અને ભગવાનના ભક્તમાં જો કોઈક સ્વાભાવિક અલ્પદોષ હોય તો તે જોવા નહિ અને એ દોષ જો પોતામાં હોય તો તેને ટાળવાનો ઉપાય કરવો પણ ભગવાનના ભક્તમાં એ જાતનો દોષ હોય તો પણ એ હરિજનનો અવગુણ લેવો નહિ. અને હરિભક્તનો અવગુણ તો જ્યારે મોટા વર્તમાનમાં ચુકી જાય ત્યારે લેવો. અને ભગવાનના ભક્તને જે વાદવિવાદે કરીને જીતે તે તો પંચમહાપાપના જે કરનારા તેથી પણ વધુ પાપી છે. અને અમારી આગળ જે કોઈ ભગવાનના ભક્તનું ઘસાતું બોલે તે તો અમને દીઠો જ ગમે નહિ ને જે ભગવાનના ભક્તનો અવગુણ લેતો હોય તેના હાથનું તો અન્નજળ પણ ભાવે નહિ અને દેહનો સંબંધી હોય તો તે સાથે પણ અતિશે કુહેત થઈ જાય. છેલ્લાના ૨૨માં મહારાજે કહ્યું કે જે હરિજનને વિષે કુદ્રષ્ટિ રાખે તે અતિશે પાપી છે અને તેનો કોઈ કાળે છૂટકો થાય નહિ. અને સર્વ પાપમાંથી મોટું પાપ એ છે જે ભગવાન ને ભગવાનના ભક્તને વિષે દોષબુદ્ધિ થાય અને એણે કરીને તેમની સાથે વેર બંધાઈ જાય અને એવો જે દ્રોહી તેનો તો કોઈ કાળે એ પાપ થકી છૂટકો ન થાય, પછી તે કોઈ જન્મમાં અસુર મટીને ભગવાનનો ભક્ત થતો નથી. વળી એમાંજ મહારાજે કહ્યું કે અમારા ભક્તના દ્રોહ કરનાર ઉપર અમારો અતિશે કુરાજીપો થાય છે, ને તેણે અમને અતિશે વશ કર્યા હોય ને જેમ હાથ સેવા કરે તેમ હાથની પેઠે સેવા કરતો હોય તો પણ તેનો ત્યાગ કરી દઈએ. છેલ્લાના ૩૫માં મહારાજે કહ્યું કે સાધુના દ્રોહનું શાસ્ત્રમાં સર્વ કરતા અધિક પાપ કહ્યું છે તેનું શું કારણ છે તો એ સાધુના હૃદયમાં સાક્ષાત ભગવાન રહ્યા છે તે સાધુનો જ્યારે દ્રોહ કરે ત્યારે તેના હૃદયમાં રહ્યા જે ભગવાન તે દુખાય છે ત્યારે એ ભગવાનના દ્રોહનું અધિક પાપ છે.

ઉપરોક્ત ટાંકેલા વચનામૃતો અને આગળના અંકોમાં આજ મુદ્દા માટે ટાંકેલા વચનામૃતોના સંદર્ભે એ વિદિત થાય છે કે ભગવાનનો કે તેમના ભક્તનો અવગુણ લેવાથી/દ્રોહ કરવાથી શ્રીજીમહારાજનો અતિશે કુરાજીપો થઈ જાય છે અને કલ્યાણનો માર્ગ બંધ થઈ જાય છે. મહારાજે તો એમ કહ્યું છે કે મારો અપરાધ કરે એને હું માફ કરું પણ મારા ભક્તના અપરાધીને હું માફ નથી કરતો. એ સંદર્ભે દાદાખાચરે હાથઘરેણું માગ્યું તે વાત સત્સંગમાં ખૂબ પ્રચલિત છે. અને એથી જ મહારાજે, બાપાશ્રીએ અને અન્ય મુક્તોએ પણ આ મુદ્દા ઉપર ખૂબ ભાર આપ્યો છે અને મુમુક્ષુ જીવોને તેની ખૂબ તકેદારી રાખવાનું કહ્યું છે. **ક્રમશઃ**

# વચનામૃતમાં આત્મનિષ્ઠા અને ભગવાનનું મહાત્મ્ય

**ગતાંકથી ચાલુ.....**

*સંકલન :- કલ્યાણ નારાણ વેકરીયા-બળદીયા*

વચનામૃતમાં આત્મનિષ્ઠાની દઢતા અને ભગવાનનો મહિમા સમજવાની વાત શ્રીજી મહારાજે સવિષેશ કહી છે, અને સર્વે પ્રશ્નના સમાધાનરૂપ આ વાત કરી છે. આત્મનિષ્ઠામાં ધર્મનિષ્ઠા તથા ત્યાગનિષ્ઠા સમાવિષ્ટ છે અને ભગવાનના મહિમામાં સ્વરુપનિષ્ઠા અને ભક્તિનિષ્ઠા સમાવિષ્ટ છે. તેનું આચમન કરીએ.

| વચનામૃત | આત્મનિષ્ઠા | ભગવાનનું મહાત્મ્ય |
|---|---|---|
| ગ.મ.૨૦ | ઈંદ્રિયો થકી અંતઃકરણમાં જાણપણું વિશેષ છે અને અંતઃકરણ થકી ઈંદ્રિયો-અંતઃકરણનો દ્રષ્ટા જે જીવ તેમાં જ્ઞાન વિશેષ છે. તે જીવને જ્યારે સમાધિ થાય છે ત્યારે ઈંદ્રિયો અંતઃકરણના દ્રષ્ટાપણાનો ત્યાગ કરીને માયા પર જે બ્રહ્મ તે સંગાથે સમાધિએ કરીને તુલ્યભાવને પામે છે. ત્યારે એ જીવ પણ બ્રહ્મરૂપ કહેવાય છે. અને પ્રવૃત્તિમાર્ગવાળાને સમાધિને વિષે જનકરાજાની પેઠે જ્ઞાન વૃદ્ધિ પામે છે, પણ ઈંદ્રિયોની શક્તિ વૃદ્ધિ નથી પામતી. એ તો જ્યારે તપ, નિવૃત્તિ ધર્મ અને વૈરાગ્ય તેણે યુક્ત હોય તેને નારદ-સનકાદિકની પેઠે ઈંદ્રિયોની શક્તિ વૃદ્ધિ પામે છે અને સિદ્ધદશાને પામે છે. ત્યારે આ ને આ દેહે શ્વેતદ્વિપાદિક ભગવાનના ધામ તથા લોક-અલોક સર્વે ઠેકાણે એને ગતિ હોય. | ગ.મ.૧૯ : શ્રીકૃષ્ણ નારાયણ એવા જે પુરુષોત્તમ ભગવાન તેના જે અવતાર તે ધર્મ સ્થાપનને અર્થે તથા બ્રહ્મચર્ય અહિંસાદિક ધર્મ, આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને મહાત્મે સહિત ભક્તિ એ ચાર ગુણે સંપન્ન એવા જે એકાંતિક ભક્ત તેને દર્શન દેવાને અર્થે ને તેમની રક્ષાને અર્થે તથા અધર્મનો ઉચ્છેદ કરવાને અર્થે દેવ-મનુષ્યાદિકને વિશે થાય છે. તે અવતારને વિષે પતિવ્રતાના જેવી અનન્યપણે નિષ્ઠા રાખવી. તેમની હેતે કરીને માનસી પૂજા તથા દેહે કરીને નવ પ્રકારે ભક્તિ કરવી અને જ્યારે એ શ્રીકૃષ્ણ નારાયણના અવતાર પૃથ્વીને વિશે પ્રગટ ન હોય તો તેની જે પ્રતિમા તેની પૂજા મને કરીને તથા દેહે કરીને ચંદન, પુષ્પ, તુલસી આદિક સામગ્રી વતે કરવી, પણ ભગવાન વિના બીજા દેવની ઉપાસના કે ધ્યાન ન કરવું. તેમજ સિદ્ધગતિને પામ્યા હોય ને સમાધિનિષ્ઠ હોય તેનું પણ ધ્યાન ન કરવું અને પોત પોતાના વર્ણઆશ્રમના ધર્મને વિષે દઢપણે વર્તવું |
| ગ.મ.૨૧ | એકાંતિક ભક્ત કોને કહીએ? તો જે પોતાને બ્રહ્મરૂપ માનીને, સ્વધર્માદિક અંગે યુક્ત જે ભક્તિ તેણે યુક્ત થકો પરબ્રહ્મ એવા જે પુરુષોત્તમ તેમનું ધ્યાન-સ્મરણ-ઉપાસના તેને કર્યા કરે અને દેહે કરીને ભગવાને કહ્યા જે વર્તમાન તેમાં ફેર પડવા દે નહિ. તેને એકાંતિક ભક્ત કહીએ. | અને એકલે વર્ણાશ્રમધર્મે કરીને સંસારમાં કીર્તિ થાય અને દેહે કરીને સુખીયો રહે પણ કલ્યાણ તો ભગવાનને સર્વ કર્તા-હર્તા જાણે તો જ થાય, પણ દેશ,કાળ, કર્મ, માયા તેને સર્વ કરતા જાણવે ન થાય.<br>જેવું પરોક્ષ ભગવાનના રામ-કૃષ્ણાદિક અવતાર તથા તેમના સાધુનું મહાત્મ્ય જાણે છે તેવું જો પ્રત્યક્ષ ભગવાન તથા તેના ભક્ત-સાધુનું મહાત્મ્ય સમજે, તેને કલ્યાણના માર્ગમાં કાંઈ સમજવું બાકી રહ્યું નહિ અને તે કલ્યાણના માર્ગમાં થકી કોઈ કાળે પડે નહિ. |
| ગ.મ.૨૨ | શૂરવીર જે ભગવાના દઢ ભક્ત છે તેને તો માન થાઓ અથવા અપમાન થાઓ, દેહને સુખ થાઓ અથવા દુઃખ થાઓ, શરીર રોગી રહો અથવા નિરોગી રહો, દેહ જીવો અથવા મરો એમ તેને પિંડ-બ્રહ્માંડ સંબંધી કોઈ જાતનો ઘાટ ન થાય.<br>જે એકાંતિક ભક્ત હોય તે પોતાનું રૂપ દેહ માને નહિ ને પોતાને ચૈતન્યરૂપ માને અને સ્વધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય તેણે સહિત ભગવાનની ભક્તિ કરે ને એક ભગવાન વિના બીજા કોઈ પદાર્થની વાસના રાખે નહિ... | એકાંતિક એવો એ સાધુ જ્યારે ભગવાનના ધામને પામે છે ત્યારે અનંતકોટી બ્રહ્માંડના પતિ જે બ્રહ્માદિક ઈશ્વર તે સાધુને અર્થે ભેટ, સામગ્રીઓ લાવે છે ને ભગવાનના પ્રતાપે કરીને એ સાધુ અલૌકિક ઐશ્વર્ય-સામર્થીને પામે છે. એવો મોટો વિચાર હૈયામાં રાખી ભગવાન વિના બીજું કાંઈપણ મનમાં ઈચ્છવું નહિ. મૂર્તિરૂપી ચિંતામણીને ઝાલી રાખવી પણ તેને મુકવી જ નહિ તો એને સર્વે વતની સિદ્ધિ થાશે. |
| ગ.મ.૨૩ | મન સુખદાયી અને દુઃખદાયી વિષયના જોગે કરીને ટાઢું-ઉનું થાય છે. અને જેનું મન ભૂંડા વિષયને દેખીને | ગ.મ.૨૪ : સાંખ્યનિષ્ઠાવાળાને તો સમજણનું બળ હોય અને યોગનિષ્ઠાવાળાને તો ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવી તેનું |



બીજી સભાઓના મુક્તોથી તથા તેમના સ્વામીઓથી પણ આ સત્સંગમાં શ્રીજીમહારાજના મુક્ત વિશેષ છે.

તપે નહિ અને સારા વિષયને દેખીને ટાઢું પણ થાય નહિ એવી રીતે જેનું મન અવિકારી રહેતું હોય અને ભગવાનને વિષે આસક્ત થયું હોય તેને જ સાધુ જાણવા.

બળ હોય પણ વિષમ દેશકાળમાં વૃત્તિ બીજે ચોંટી જાય કેમ જે સમજણનું બળ થોડું છે. માટે સાંખ્યનિષ્ઠા અને યોગનિષ્ઠા બેય હોય તો ભગવાનની મૂર્તિ વિના બીજા કોઈ પદાર્થમાં મન લોભાય નહિ અને એમ સમજે જે ભગવાનનું જે અક્ષરધામ ને ધામને વિષે રહી એવી જે ભગવાનની મૂર્તિ ને તે ધામને વિષે રહ્યા એવા જે ભગવાનના ભક્ત તે વિના જે જે લોક અને લોકના દેવના વૈભવ છે તે સર્વે નાશવંત છે એમ જાણીને એક ભગવાનને વિષે જ દઢ પ્રીતિ રાખે, એવા ભક્તને કોઈ જાતનો વિક્ષેપ આવતો નથી.

ગ.મ.૩૦ સોનું અને સ્ત્રી તેનું બંધન તો ત્યારે ન થાય જ્યારે પ્રકૃતિપુરુષ થકી પર એવું જે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ તેને જ સત્ય જાણે ને તે બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માને ને બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ભક્તિ કરે.

ગ.મ.૩૧ જીવને દેહ, ઈંદ્રિયો ને વિષય તેનો સંગ ઘણો થયો છે માટે સંગદોષે કરીને એ જીવ દેહાદિક રૂપ થઈ ગયો છે. તે એના સંગને મૂકીને એ જીવ એમ સમજે જે મારું સ્વરૂપ તો માયા થકી મુક્ત ને પર એવું જે બ્રહ્મ તે છે. એવી રીતે નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મનો ગુણ એ જીવને વિષે આવે. પણ એવી નિરંતર સ્મૃતિ જીવને રહેતી નથી એ મોટો દોષ છે.

અને પુરુષોતમ એવા જે વાસુદેવ ભગવાન તો સર્વ કારણના પણ કારણ છે ને અક્ષરાતીત છે અને અક્ષરાત્મક પુરુષ, વિરાટ ને જીવ તેના ક્ષેત્ર ને પ્રકાશક છે અને પુરુષ છે તે તો નિરન્ન છે મુક્ત છે ને બ્રહ્મ છે અને માયાના કારણ છે અને બ્રહ્મ સુખે સુખીયા છે, પૂર્ણકામ છે. અને વિરાટ ઉતપત્તિરૂપ અવસ્થાને વિષે અનિરુદ્ધની ઉપાસના કરે છે અને સ્થિતિરૂપ અવસ્થાને વિષે પ્રદ્યુમ્નની ઉપાસના કરે છે અને પ્રલયરૂપ અવસ્થાને વિષે સંકર્ષણની ઉપાસના કરે છે ને ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ ક્રિયાને વિષે સામર્થ્યપણાને પામે છે અને જીવની માફક એ વિરાટ પણ બદ્ધ છે એ તો જ્યારે નિર્ગુણ એવા વાસુદેવ ભગવાનની ઉપાસના કરે ત્યારે માયાનો ત્યાગ કરી બ્રહ્મરૂપ થાય અને જીવ પણ જ્યારે ભગવાનના રામ-કૃષ્ણાદિક અવતાર તેની ઉપાસના કરે ત્યારે બ્રહ્મરૂપ થાય અને બહુધા શાસ્ત્રમાં એ પુરુષને પુરુષોત્તમ કહ્યા છે પણ જેમ જીવ અને વૈરાજમાં ભેદ છે, વૈરાજ અને પુરુષને વિષે ભેદ છે તેમ પુરુષ અને પુરુષોત્તમ એવા વાસુદેવ ભગવાનને વિષે એવો ઘણો ભેદ છે ને પુરુષોત્તમ વાસુદેવ તો સર્વના સ્વામી છે અને એવા અક્ષરાત્મક પુરુષ બ્રહ્મરૂપ ઘણાક છે, તે જે તે વાસુદેવના ચરણાર્વિંદની ઉપાસના કરે છે ને સ્તુતિ કરે છે. એવી રીતે પુરુષોત્તમ, પુરુષ, વિરાટ(ઈશ્વર)ને જીવ એ ચાર ભેદ અનાદિ છે. આ વાર્તાને સારી પેઠે વિચારજો અને લખજો.

ગ.મ.૩૨ ત્રણ દેહથી નોખો એવો જે આ દેહને વિષે જીવાત્મા તેને પોતાનું રૂપ જાણીને ને તેને વિષે ભગવાનની મૂર્તિ ધારીને, ને જાતિ, વર્ણ અને આશ્રમ તેના માનને મુકીને કેવળ ભગવાનના સ્મરણને વિષે તત્પર થાય તેને કુટુંબનો સંબંધ ટળે. માટે ભૂંડો દેશ,ભૂંડો કાળ, ભૂંડી ક્રિયા, ને ભૂંડો સંગ તેનો ત્યાગ કરી રૂડા એવા દેશ,કાળ, ક્રિયા ને સંગ તેને વિષે પ્રવર્તવું.

જીવ માયાને તરીને બ્રહ્મસ્વરૂપ થાય અને ભગવાનના અક્ષરધામને પામે તેનું કારણ તો પુરુષોત્તમ એવા વાસુદેવ ભગવાન તેના પ્રત્યક્ષ સ્વરૂપનું ધ્યાન, સ્મરણ, કિર્તન કથા એ જ છે અને આત્મનિષા, વૈરાગ્ય ને ધર્મ તે તો ભગવાનની ભક્તિના સહાયરૂપ ઉપકરણ છે પણ ભગવાનની ભક્તિ વિના એકલો વૈરાગ્ય તથા આત્મનિષ્ઠા તથા ધર્મને જીવને માયા તર્યાનું સાધન નથી, અને આત્મનિષ્ઠા અને વૈરાગ્ય ન હોય ને એકલી ભગવાનની ભક્તિ હોય તો પણ એ જીવનું કલ્યાણ થાય અને માયાને તરે.

**ક્રમશઃ**

# કચ્છ-માનકુવાથી શ્રી સહજાનંદ સ્વામીજીએ લખેલ દુર્લભ પત્ર

સર્વે શુભ ઉપમા જોગ્ય મુક્તાનંદ સ્વામી આદિક પરમહંસ સર્વે સત્સંગી બાઈ ભાઈ. અત્ર શ્રી માનકુવેથી લી. સ્વામી શ્રીસહજાનંદજીના નારાયણ વાંચજો. બીજું સમાચાર એક જાણજો. જીભે ભજન સ્મરણનો આગ્રહ રાખજો. સુતાં બેઠાં કામકાજ કરતાં નિશદિન ભજન કરજો. નેત્રની વૃત્તિ એકાગ્ર રાખજો. મેષોન્મેષ દ્રષ્ટિ થવા દેશોમાં. અંતઃકરણના જાણતલ સાક્ષી ત્યાં મનનો જે સંકલ્પ ઉઠે છે તે મનના સંકલ્પને જાણે છે. ત્યાં પ્રાણ અપાન વાયુની ગાંઠ્ય જ્યાં પડે છે ત્યાં જ તેજનું ઘર છે. તે જ ઠેકાણે પ્રણવ છે. તે જ ઠેકાણે અનહદ (અનાહત) ચક્ર છે ને ત્યાં જ વજકમાડ છે, તેજ ઠેકાણે જ્યોતિનો ઢગલો છે, તેજ ઠેકાણે અનંત સૂર્ય ચંદ્ર સમ તેજ છે, તે જ ઠેકાણે દશો દ્વાર છે, તે જ ઠેકાણે ખટચક્રનો માર્ગ છે, ત્યાં જ વંકનાળનો માર્ગ છે, તે જ ઠેકાણે બ્રહ્મલોકમાં જવાનો માર્ગ છે, તે જ ઠેકાણે સુષુમણા નામે નાડી રહી છે, તે જ ઠેકાણે જીવ રહ્યો છે, તે જ ઠેકાણે પ્રત્યક્ષ પુરૂષોત્તમની મૂર્તિને ધારીને નખશિખા પર્યંત સર્વે અંગનું ચીંતવન કરવું ને પોતાની આંખ્યમાં પ્રભુની આંખ્ય જોવી, કાનમાં કાન જોવા, પગમાં પગ જોવા, નખમાં નખ જોવા, એ આદિક સર્વ અંગને જોવાં. પોતાના જીવાત્મામાં અક્ષરબ્રહ્મના ગુણ ધારવા. અક્ષરથી પર પ્રત્યક્ષ પુરૂષોત્તમ તેની આંખ્ય વડે તેને જોવા, હીરે હીરો વીંધવો, હું તો જીવ ચૈતન્યરૂપ છું. એક પ્રભુના તદાત્મકપણાને પામ્યો છું, એવી રીતે નિરંતર ભજનમાં રેજો. તેનું નામ ભક્તિ કહીએ. તમે કેશો જે પ્રગટ ભગવાન મળ્યા પછે શું સાધન કરવાનું છે? ત્યાં કહીયે છીએ જે પુર્વે ભગવાનના ભક્ત થયા છે તેમણે પણ ભગવાન મળ્યા પછે ભજન સ્મરણનો આગ્રહ રાખ્યો છે તે સારૂ નારાયણનું નામ નામીએ સહિત લેવું. તેનો જે અતિશે આગ્રહ રાખશે. તેના જીવને સુષુમણા નામે નાડીને વિષે પ્રવેશ કરાવીને ખટચક્ર ભેદીને વૈકુંઠથી પર ગોલોક, તેથી પર ચિદાકાશ તેને વિશે તેને પ્રવેશ કરાવશે. તે સારૂ નારાયણનું નામ નામીએ સહિત અતિશે જીભે ઝાંઝાં લેવાં. અને જો ઝાંઝાં ઝાંઝાં લેશે તો દેહ સતે પુરૂષોત્તમનું ધામ દેખશે ને જો થોડાં થોડાં લેશે તો મુઆ સમે દેખશે. તે સારૂ નામી વિના નામ તો જેમ ફળ વિનાનું પુષ્પ, વાંઝણી સ્ત્રી પુત્ર વિના, તેમ નામી વિના નામ; તે સારૂ નારાયણનું નામીએ સહિત જે નામ તેનું અતિશે પ્રતિપાદન નહીં કરે તેને દેહગુરૂ જાણવા, વચનદ્રોહી જાણવા. સંતના દ્રોહી જાણવા. સરવે સત્સંગી સમસ્ત વાંચજો. સંવત ૧૮૬૨ના મહા વદી ૮ ને ગુરૂવાર.

# શ્રીહરિચરિત્રામૃતમ્

**પેજ નં. ૫ થી શરૂ**

સ્નાન કરી ધરમપુર (જી.વલસાડ, ગુજરાત) પધાર્યા. ત્યાંથી સુરત પધાર્યા પછી તાપી નદી, નર્મદા નદી, મહી નદી અને તેનો રણીયામણો પ્રદેશ પાર કરી ખંભાત બંદરે પધાર્યા. ત્યાંથી નગરગામ બુધેજમાં સદાવ્રત લઈ ગુડેલ, મીતલી થઈ સાબરમતી નદી પાર કરી પીપળી, ગાંફ, ખરડ, ઝીંઝર, ભીમનાથ, પોલરપુર, બરવાળા, શિહોર, ભાવનગર, નકલંક, વડવાકુંડ, દિહોર, તળાજા, ગોપનાથ, તુલસીશ્યામ આવ્યા ત્યાં ગરમકુંડોમાં સ્નાન કરી ગુપ્તપ્રયાગ થઈ લોઢવા પધાર્યા.

- લોઢવામાં આત્માનંદ સ્વામીની સમાધિનિષ્ટ શિષ્યા લખુબાઈ ચારણને ત્યાં શ્રીહરિ પધાર્યા. લખુબાઈએ શ્રીહરિને આ ભેખ શા હેતુથી લીધો છે તે પુછયું. ત્યારે શ્રીહરિ મનુષ્ય ભાવ લાવી બોલ્યા,''બ્રહ્મતેજને મારું સ્વરૂપ માનું છે ને તેને વિષે ભગવાનના દર્શન નિત્ય થાય છે. પરંતુ પ્રગટ મનુષ્ય સ્વરૂપ શ્રીકૃષ્ણના દર્શન અર્થે ઘર છોડી પોતે જે રીતે વિચર્યા તેનું વિસ્તારરૂપી વર્ણન કર્યું અને કહ્યું હવે ગિરનાર, દ્વારકા અને આબુ ફરી રહ્યા પછી એક સ્થળે બેસી ભગવાનનું ધ્યાન કરતા કરતા દેહ છોડી દેવો છે. અને જો પ્રગટ ભગવાન મળી જશે તો તેની સેવામાં રોકાઈ જશું.'' લખુબાઈ ગુરૂને જ પ્રગટ ભગવાન માનતા તેઓએ શ્રીહરિનો પ્રેમ જોઈ કહ્યું તમને હરિ પ્રગટ મળશે. એક માસ લખુબાઈને ત્યાં રહી સત્સંગ કરતા. લખુબાઈ આત્માનંદ સ્વામીના પ્રતાપની વાતો કરતા. વાત ઉપરથી જણાયું જે તેમને સાકાર ઉપાસના નથી તેથી ત્યાંથી ચાલી નિકળ્યા અને પ્રભાસ પાટણ જ્યાં શ્રીકૃષ્ણએ દેહ મેલ્યો હતો ત્યાં પાંચ દિવસ રહ્યા. ત્યાંથી માંગરોળ આનંદજી ભક્તને મળ્યા. આનંદજી ભક્ત શ્રીહરિને કહે, ''યોગી, સાંભળો! સત્સંગ વિના દેહ દમીને મટી જાય તોય મોક્ષ ન થાય. તપ, ત્યાગની ખુમારી અંતરાય કરે. ત્યારે શ્રીહરિ કહે એવો સત્સંગ અમને બતાવો. એટલા માટે જ અમે ફરીયે છીએ. તેમણે શ્રીહરિને લોજ રામાનંદ આશ્રમે જવાનું કહ્યું તેથી શ્રીહરિ લોજ પધાર્યા. ''

**ક્રમશઃ**



અનાદિના સંકલ્પે મૂર્તિ મળે છે. આપણે તો મહારાજ અને મોટાના ફોળામાં મસ્તક મુકી દેવું.

# કેળવણી

## શાળા પ્રવેશોત્સવનો અહેવાલ

અમારી શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળા બળદિયામાં તા.૦૯/૦૬/૨૦૨૫ સોમવારના રોજ શાળાના આચાર્ય શ્રી ડૉ. એસ.એમ.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ શાળા પ્રવેશોત્સની ઉમળકાભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના જુના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો જોડાયા હતા. શાળાના આચાર્ય શ્રી ડૉ. એસ.એમ. પટેલ સાહેબે નવા આવનાર વિદ્યાર્થીઓનું શાળા પરિવાર તથા સંસ્થા પરિવાર વતી શાબ્દિક રીતે સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શાળાની શિક્ષિકા બહેનો દ્વારા કુમકુમ તથા ગોળ-ધાણા ખવડાવીને મીંઠુ મોં કરાવવામાં આવ્યું હતુ. ત્યારબાદ શાળાના આચાર્ય શ્રી ડૉ. એસ.એમ. પટેલ સાહેબે શાળામાં નવા આવનાર શિક્ષકો જેવા કે કૃપાલીબેન સોની, શબનમબેન ચાકી તથા પૂર્વીબેન ચૌધરીનું શાળા પરિવાર વતી હાર્દિક સ્વાગત કરી પરિચય આપ્યો હતો અને શાળા તથા શાળાના શિક્ષણ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. અંતમાં કાર્યક્રમ પૂર્ણ જાહેર કર્યો હતો.

## શાળા પ્રવેશોત્સવનો અહેવાલ

અમારી શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળા બળદિયામાં તારીખ ૨૧ જૂન શનિવારના દિવસે આંતરરાષ્ટ્રીય યોગ દિન નિમિત્તે યોગદિનની ઉજવણી શાળાના આચાર્ય શ્રી એસ.એમ. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ કરવામાં આવા હતી. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન શ્રીમતિ જીનીબેન મહેતાએ સંભાળ્યું હતું સૌપ્રથમ કાર્યક્રમની શરૂઆત સવારે પ્રાર્થનાસભાથી કરવામાં આવી હતી. ત્યારબાદ જીનીબેને વિવિધ આસનો તેમજ યોગ, પ્રણાયામ કરાવ્યા તથા યોગથી થતા ફાયદાઓ વષે પણ માહિતી આપી હતી. યોગા કરવામાં શાળાના આચાર્ય શ્રી એસ.એમ. પટેલ સાહેબ, શિક્ષકો તથા તમામ વિદ્યાર્થીઓ જોડાયા હતા. શાળાના આચાર્ય શ્રી ડૉ. એસ.એમ. પટેલ સાહેબે પણ યોગ અને આસનોનું જીવનમાં મહત્વનું સ્થાન છે તેની સમજ આપી હતી. આજના આધુનિક યુગમાં માણસ કસરત કરવાથી દુર ભાગે છે. જેથી જુદી-જુદી શારીરિક બીમારીઓનો ભોગ બને છે પણ જો નિત્ય યોગ અને આસનો રૂપી કસરત થાય તો માણસ તંદુરસ્ત અને નિરોગી બને છે તેવું પણ જણાવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

## પ્રવેશોત્સવ

શ્રી ઘનશ્યામ એકેડેમીમાં 'પ્રવેશોત્સવ' નું આયોજન કરાયું. તારીખ ૧૨-૦૬-૨૫ ના રોજ શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોષીના માર્ગદર્શન હેઠળ શાળા પ્રવેશોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળા માં નવા આવનાર વિદ્યાર્થીઓના કપાળ ઉપર કંકુનો ચાંદલો કરી મોં મીઠું કરી ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. બાળકોને ખૂબ આનંદ આવ્યો હતો, નવી સ્કૂલ, નવા મિત્રો અને નવા શિક્ષકો સાથે રમતગમત અને નવુ કંઇક શીખવા બાળકો આતુર હતા.

પ્રવેશોત્સવનો મુખ્ય હેતુ એ રહ્યો હતો કે નવા ભૂલકાઓ શાળામાં ઉત્સાહભેર રોજ શાળાએ આવે અને આનંદ માણે.

## હાઉસ ડિવિઝન સેરેમની વર્ષ ૨૦૨૫-૨૬

શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડેમી મધ્યે હાઉસ ડિવિઝન સેરેમની નું આયોજન તારીખ ૧૪/૦૬/૨૦૨૫ શનિવારના રોજ શાળાના આચાર્ય શ્રીમતી શુંભાગીબેન જોશીના માર્ગદર્શક હેઠળ કરવામાં આવ્યું હતું.જેમાં ચાર અલગ-અલગ હાઉસમાં વિદ્યાર્થીઓને અને શિક્ષકો ને વિભાજિત કરવામાં આવ્યા હતા.અનુક્રમે નોલેજ હાઉસ, ઈન્ટેલિઝન્સ હાઉસ, એક્સિલન્સ હાઉસ અને જીનિયસ હાઉસ.જેમાં નોલેજ હાઉસના મુખ્ય શિક્ષક વિજય ડોડીયા અને સહ શિક્ષકો નિરાલીબા સરવૈયા, પલ્લવી ભુડિયા, જીનલ સોની તથા ઈન્ટેલિઝન્સ હાઉસના મુખ્ય શિક્ષક લોચન પરમાર અને સહ શિક્ષકો અર્ચના જોશી, મીરા ભુડીયા, વિશ્વ બુદ્ધભટ્ટી, મમતા ડોડીયા તથા એક્સિલન્સ હાઉસના મુખ્ય શિક્ષક દક્ષા રાઘવાણી અને સહ શિક્ષકો મયુરી હિરાણી, હેતલ ભુડિયા અને દેવરાજ ચૌચેટા તથા જીનિયસ હાઉસના મુખ્ય શિક્ષક શીતલ કેરાઈ સહ શિક્ષકો કોમલબા વાઘેલા, દિપાલી ગોસ્વામી, ગાર્ગી જોષી રહ્યા હતા.

હાઉસ હેડ ગર્લ અને બોય તરીકે નોલેજ હાઉસ માંથી હેડ ગર્લ રિદ્ધિ સેવક અને હેડ બોય દક્ષરાજ પરમાર તથા ઈન્ટેલિઝન્સ હાઉસના હેડ ગર્લ વંશી વેકરીયા અને હેડ બોય જૈમીન ભટ્ટ તથા એક્સિલન્સ હાઉસના હેડ ગર્લ અક્ષી કેરાઈ અને હેડ બોય જલ સાધુ અને જીનિયસ હાઉસના હેડ બોય રબારી પરેશ અને હેડ ગર્લ દિશા સેંઘાણી ને નીમવા માં આવ્યા હતા.

આ હાઉસ ડિવિઝન સેરેમનીનો હેતુ વર્ષ દરમિયાન કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિમાં દરેક હાઉસ સર્વ શ્રેષ્ઠ પ્રદર્શન કરે તે રહ્યો હતો.

## મૂર્તિ સુખે સુખી થયા

- ગામ દહિંસરાના અનિલભાઈ લાલજીભાઈ ખીમાણી ઉ.વ. ૩૫ તથા સમસ્ત અમદાવાદ-લંડન ફ્લાઈટ દુર્ઘટનામાં તા. ૧૨/૬/૨૫ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે.
- ગામ હળવદના કંચનબેન કાનજીભાઈ પટેલ ઉ.વ.૭૩ તા. ૧૨/૬/૨૫ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે.
- ગામ ભારાસરના મુનિસ્વામીનાં કૃપાપાત્ર કેશરાભાઈ માવજીભાઈ વરસાણી ઉ.વ. ૮૨ તા. ૨૦/૬/૨૫ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે.
- ગામ કેરાના કલ્યામ પરબત વરસાણી ઉ.વ. ૯૫, તા. ૧૪/૬/૨૫ ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે.

**શ્રીજીમહારાજ તેમને પોતાની મૂર્તિનું સુખ વિશેષ ને વિશેષ આપે અને તેમના પરિવારને ધીરજ અને બળ આપે એવી શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના ચરણોમાં પ્રાર્થના........**


Yoga Day
S.G.A.Baladia
Yoga Day
S.G.A.Baladia
Yoga Day
S.G.A.Baladia
Yoga Day
















# શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર, બળદિયા સંચાલિત

## શ્રી સ્વામિનારાયણ માધ્યમિક શાળા (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ), બળદિયા

### S.S.C. વર્ષ ૨૦૨૪-૨૫ પરિણામ (૧૦૦%)

**અંગ્રેજી માધ્યમના તેજસ્વી વિદ્યાર્થીઓ**




તિલક વૈદેહિ મયુરચંદ્ર
93.66% - PR 98.60




હિરાણી નિકીશા દેવજી
93.33% - PR 98.40




ગોહિલ નેન્શી ભાવેશ
92.16% - PR 97.60

**ગુજરાતી માધ્યમના તેજસ્વી વિદ્યાર્થીઓ**




વાણીયા કેતન અશ્વિનભાઈ
91.50% - PR 97.14




રબારી રાહુલ લક્ષ્મણભાઈ
82.16% - PR 97.38




સોરઠીયા કાર્તિક સુનિલભાઈ
81.50% - PR 86.52

MURTI JULY 2025 Year - 22 : Issue - 07
Gujarati Monthly. RNI No. GUJGUJ/2004/52455. Permitted to Post at Bhuj Sorting Office on Date 13th of every month under Postal Registration No. G/KCH/173/2025-2027. Licence to post without pre-payment No. G-PMG-RJT/030/2025

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥





# અષાઢી ઉજવણી – લંડન

## તા. ૨૬-૦૭-૨૦૨૫, શનિવાર

યજમાનશ્રી

ઘનશ્યામ મહારાજ દશાબ્દિ મહોત્સવની ઉજવણી માટે
બાપાશ્રીની છત્રીના હેતરુચિ વારા સરવે હરિભક્તો

# કાર્યક્રમ

સાંજના ૪:૩૦ થી ૭:૦૦ – સંધ્યા આરતી, મહારાજને થાળ, કથાવાર્તા, કિર્તન, ધુન, મહાનુભાવોનું સન્માન, પ્રવચનો, આવેલ પત્રોનું વાંચન, અને યજમાન તરફથી આરતી

૭:૦૦ થી ૮:૦૦ – પ્રસાદ રૂપ ભોજન

૮:૦૦ થી ૯:૩૦ – રાસ

## સ્થળ - Venue

**Queens Park Community School,**
Aylestone Avenue, London NW6 7BQ

**Next event:**

Pragatya Din & Diwali:- Saturday 1st November 2025

-: Publisher :-
Shree Abjibapani Chhatedi & Hanumanji Mandir,
Post : Baladia, Ta.: Bhuj, Dist : Kachchh,
GUJARAT : PIN - 370427.
Contact No. 90990 49282 / 90990 49284

Printed and Published by Kalyan Naran Vekaria, on behalf of Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Printed at Swastik Printers - Basement Pindoriya Chambers , New Station Road, Bhuj-Kachchh. 370001 and Published at Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Po. Baladia, Bhuj-Kachchh. Editor : Kalyan Naran Vekaria